ધો. ૬થી ૮ના વર્ગો અંગે ૧૫મી બાદ નિર્ણય

સરકારે ૯મી પછી સ્કૂલ ખાલવાની વાત કરી હતી : રાજ્યમાં કોરોના નબળો પડ્યો છે છતાં વાલીઓમાં બાળકોને સ્કૂલે મોકલવા અંગે મિશ્ર પ્રતિસાદ મળે છે

ગાંધીનગર,તા.૧૧

કોરોનાની બીજી લહેર નબળી પડ્યા બાદ હવે ગુજરાતમાં ૫૦ કરતા પણ ઓછા નવા કેસ નોંધાઈ રહ્યા છે. આવામાં કોરોનાની સ્થિતિ કાબૂમાં આવતા સ્કૂલો ખુલવા અંગે નિર્ણય લેવાય તેવી સંભાવના હતી પરંતુ રાજ્ય સરકાર દ્વારા હાલ આ અંગે નિર્ણય લેવાનું ટાળી દેવામાં આવ્યું છે. બીજી તરફ વાલીઓ દ્વારા સ્કૂલો ખોલવા અંગે મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. પરંતુ સરકારે સ્કૂલો ખોલવા અંગે ૧૫ ઓગસ્ટ પછી નિર્ણય લેવાની વાત કરી છે. મહત્વનું છે કે સુરતમાં સ્કૂલો ખુલ્યા પછી વિદ્યાર્થીઓ કોરોનામાં સપડાતા વાલીઓમાં હજુ પણ ભયનો માહોલ છે. આ જ રીતે પંજાબમાં પણ સ્કૂલો ખુલ્યા પછી વિદ્યાર્થીઓમાં કોરોનાના કેસ વધ્યા હતા. આ જોતા રૂપાણી સરકારે હાલ સ્કૂલો ખોલવાના નિર્ણયને લઈને પીછેહઠ કરી છે. મહત્વનું છે કે અગાઉ સરકારે ૯મી ઓગસ્ટના રોજ સ્કૂલો ખોલવા અંગે નિર્ણય લઈશું તેવી વાત કરી હતી જોકે, હવે આ અંગે ૧૫મી ઓગસ્ટ પછી નિર્ણય લેવાશે. રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, "ધોરણ ૬થી ૮ના પ્રત્યક્ષ ક્લાસ શરુ કરવા અંગે ૧૫ ઓગસ્ટ પછી નિર્ણય લઈશું એટલે કે હવે વિદ્યાર્થીઓ તથા વાલીઓએ આગામી અઠવાડિયા સુધી સ્કૂલો ખોલવાના નિર્ણય અંગે રાહ જોવી પડશે. અમારી સાથે વાત કરનારા વાલીઓએ જણાવ્યું કે, તેઓ હાલની કોરોનાની સ્થિતિમાં ભલે ફરક આવ્યો હોય પરંતુ દુનિયાના અન્ય દેશોની સ્થિતિને જોતા બાળકોને સ્કૂલમાં મોકલવા અંગે તૈયાર નથી. વિજય પનાગર નામના વાલીએ જણાવ્યું કે તેઓ

બાળકોને રસી મળે તે પછી જ તેમની સ્કૂલો ખુલે તેવું ઈચ્છે છે. ગાંધીનગરમાં રહેતા એક વાલી મિતુલ કનાડાએ જણાવ્યું કે, હાલ તેઓ પોતાના બાળકને હાલની સ્થિતિમાં સ્કૂલે મોકલવા માટે તૈયાર નથી, પરંતુ જો સ્કૂલ તરફથી કે અન્ય કોઈ રીતે પ્રત્યક્ષ શિક્ષણ ફરજિયાત કરવામાં આવશે તો તેઓ પોતાનો નિર્ણય બદલશે. અન્ય એક વાલીએ એવો તર્ક રજૂ કર્યો કે, વાલીઓ પોતાના બાળકોને સ્કૂલે મોકલવાની ના પાડી રહ્યા છે પરંતુ જ્યારે મોલ કે હરવા ફરવાના સ્થળ પર જઈએ તો વાલીઓ પોતાના બાળકોને લઈને ભીડવાળી જગ્યાઓ પર આરામથી ફરતા જોવા મળે છે. આવામાં એ નથી સમજાતું કે વાલીઓ બાળકોને સ્કૂલે મોકલવા અંગેના નિર્ણયને લઈને કેમ ગભરાઈ રહ્યા છે? વાલીઓ વચ્ચે એવી પણ ચર્ચાઓ ચાલી રહી છે કે સરકારે દિવાળી સુધી કેવી સ્થિતિ રહે છે તે અંગે થોડો અભ્યાસ કર્યા બાદ જ સ્કૂલો ખોલવા અંગે નિર્ણય લેવો જોઈએ. નોંધનીય છે કે, કોરોનાનાની સ્થિતિના કારણે વર્ષ ૨૦૨૦-૨૧ના બોર્ડના વિદ્યાર્થીઓને પણ સ્કૂલે જવાનો મોકો નહોતો મળ્યો આવામાં સરકાર દ્વારા માસ પ્રમોશનનો નિર્ણય લઈને અગાઉની પરીક્ષાઓના આધારે પરિણામ તૈયાર કરવામાં આવ્યું હતું. દેશમાં કોરોનાની ત્રીજી લહેરની સંભાવનાને જોતા પણ વાલીઓ સ્કૂલો ચાલુ થાય તો પણ પોતાના બાળકોને સ્કૂલે મોકલવા અંગે ૧૦૦% સહમતી દર્શાવી રહ્યા નથી. જોકે, હવે ૧૫મી ઓગસ્ટ પછી જોવાનું રહેશે કે ધોરણ ૬થી ૮ના પ્રત્યક્ષ વર્ગો શરુ કરવા અંગે સરકાર અને શિક્ષણમંત્રી શું નિર્ણય લે છે.

બનાસકાંઠા માધ્યમિક શિક્ષક સંઘે ચડાવી બાંયો

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોના પડતર પ્રશ્નોને લઈને આજરોજ બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા પાલનપુર ડી.ઈ.ઓ કચેરી આગળ કાળી પટ્ટી ધારણ કરી મૌન ધરણાં યોજવામાં આવ્યા હતા. અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોના અગત્યના પ્રશ્નો બાબતે અગાઉ થયેલ સમાધાનની જાહેરાતોનો અમલ નહીં થતાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘે બાયો ચડાવી છે. જેમાં પાંચ વર્ષથી ફિક્સ પગારની નોકરીને તમામ હેતુઓ માટે સળંગ ગણવી, સાતમા પગાર પંચના એરિયર્સ પાંચ હપ્તામાં ચૂકવવામાં આવે, સી.પી.એફ અને વર્ધિત પેન્શન યોજના નાબૂદ કરી જી.પી.એફ અને જૂની પેન્શન યોજના અમલ કરવા સહિતની માગણીઓને લઈને અગાઉ સમાધાન થયું હતું. પરંતુ જે સમાધાન મુજબ જાહેરાત ન થતાં માધ્યમિક શિક્ષક સંઘે ફરી અવાજ ઉઠાવ્યો છે. જેને લઈને આજરોજ કાળી પટ્ટી ધારણ કરી મૌન ધરણાં યોજી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

કઈ જ્ઞાતિને ઓબીસીમાં લેવી તે અંગે સરકાર અવઢવમાં

રાજ્ય સરકાર ભીસમાં મૂકાઈ : સરકાર એકને સાચવવા જાયતો બીજાને ખોટું લાગે, ૨૦૧૭ની ચૂંટણીનું ૨૦૨૨માં પુનરાવર્તન થવાનો ડર

ગાંધીનગર,તા.૧૧

કેન્દ્ર સરકારે ઓબીસીમાં કઈ જ્ઞાતિને સમાવવી અને કોને બાકાત કરવી તેની સત્તા હવે રાજ્ય સરકારોને સોંપી દીધી છે. જોકે, ચૂંટણીને હવે ખાસ સમય નથી રહ્યો તેવામાં કઈ જ્ઞાતિને ઓબીસીનું સ્ટેટસ આપવું તેને લઈને રૂપાણી સરકારની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭માં થયેલી ચૂંટણી વખતે જ શરુ થયેલા પાટીદાર અનામત આંદોલનને કારણે ભાજપને જોરદાર ફટકો પડ્યો હતો. પક્ષ તે વખતે માત્ર ૯૯ બેઠકો જીતી શક્યો હતો, અને સામે પક્ષે કોંગ્રેસને જોરદાર ફાયદો થયો હતો. માત્ર પાટીદાર આંદોલન જ નહીં, ગુજરાતમાં અન્ય જ્ઞાતિઓ પણ પોતાને ઓબીસીમાં સમાવવામાં આવે તેવી માગણી કરીને સરકાર પર પ્રેશર વધારી રહી છે. ભાજપને હાલ એ વાતની ચિંતા સતાવી રહી છે કે આ કારણે ૨૦૨૨માં થનારી ચૂંટણીમાં તેને અસર પડી શકે છે. ગુજરાત કોંગ્રેસે કેન્દ્ર સરકારે ખરડો પસાર કરતાં જ ગુજરાતમાં તમામ ઓબીસી જ્ઞાતિઓનો નવેસરથી સરવે કરવાની સાથે જનરલ કેટેગરીમાં આવતી પછાત જ્ઞાતિઓને ઓબીસીનું સ્ટેટસ આપવાની માગ સરકાર સમક્ષ મૂકી દીધી છે. બીજી તરફ, પાટીદારો, બ્રાહ્મણો, રાજપૂતો અને વણીકો પણ ૨૦૧૫થી પોતાને ઓબીસીમાં સમાવવાની માગ કરી રહ્યા છે. હવે નવા ડેવલપમેન્ટ બાદ તેઓ પણ ફરી સક્રિય બને તેવા પૂરા અણસાર છે. ગુજરાતમાં ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી જ્ઞાતિ આંદોલનનોની અસર હેઠળ લડાઈ હતી, જેમાં ભાજપને ૧૫૦ના ટાર્ગેટ સામે માત્ર ૯૯ બેઠકો મળી હતી, જ્યારે કોંગ્રેસના ફાળે ૭૭ બેઠકો આવી હતી. રાજકીય વિશ્લેષક દિનેશ શુક્લાનું માનીએ તો, ૨૦૧૭માં પાટીદાર અને અન્ય જ્ઞાતિઓના આંદોલનોને કારણે ભાજપને ઘણું નુકસાન ભોગવવું પડ્યું હતું. હવે રાજ્ય સરકારને ઓબીસીની યાદી બનાવવાની સત્તા મળી જતાં સરકાર સામે ૨૦૧૭ જેવી જ સ્થિતિ આવીને ઉભી રહી ગઈ છે. જો સરકાર નવી જ્ઞાતિઓને ઓબીસીમાં સમાવશે તો હાલ જે જ્ઞાતિઓ અનામતનો લાભ મેળવી રહી છે તેની નારાજગી તેને વ્હોરવી પડશે.

કોંગ્રેસ શાસિત પાલનપુર તાલુકા પંચાયતની સાધારણ સભા યોજાઈ

પંચાયતના નવિન બિલ્ડીગની દરખાસ્ત અને સરપંચો દ્વારા ૧૫ નાણાં પંચના નાણાં કેવી રીતે ઉપાડવા તે મુદ્દે ચર્ચા કરાઇ

કોંગ્રેસ શાસિત પાલનપુર તાલુકા પંચાયતની સાધારણ સભા યોજાઈ હતી. જેમાં તાલુકા પંચાયતનું નવિન બિલ્ડીંગ બનાવવા અને ગામના સરપંચો દ્વારા ૧૫માં નાણાં પંચના નાણાં કેવી રીતે ઉપાડવા તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

કોંગ્રેસ શાસિત પાલનપુર તાલુકા પંચાયતની ગતરોજ પંચાયતના સભા ખંડમાં સાધારણ સભા યોજાઈ હતી. જ્યાં કોરોનામાં મૃત્યુ પામેલા નાયબ જિલ્લા વિકાસ અધિકારી એ.જી. પરમારને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. બાદમાં પાલનપુર તાલુકા પંચાયતનું બિલ્ડીંગ વર્ષો જુનું હોવાના કારણે જર્જરીત થઇ ગયુ છે. જેથી તાલુકા પંચાયતનું નવિન બિલ્ડીંગ બનાવવામાં માટે સરકાર જગ્યા આપે નહી તો આ જગ્યા પરનું જુનુ બિલ્ડીંગ તોડી અદ્યતન સુવિધાઓવાળુ નવુ બિલ્ડીંગ બનાવવા માટે મંજુરી આપે તે બાબતે ઉચ્ચ કક્ષાએ પ્રપોજલ મોકલવામાં આવી છે.

આ ઉપરાંત પાલનપુર તાલુકાના ગામના વિકાસ માટે આવેલી ૧૫ મી નાણાં પંચની ગ્રાન્ટના કેવી રીતે ઉપાડવા તે બાબતે પંચાયતના એસ.ઓ.ને મળી તેની માહીતી જાણવા અંગેના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તેમજ સોમવાર અને ગુરુવાર તમામ અધિકારીઓ ફરજીયાત હાજર રહેવા જણાવ્યું હતું. આ બેઠકમાં તાલુકા વિકાસ અધિકારી અભિષેક પરમાર, પાલનપુર તાલુકા પંચાયત પ્રમુખ સંગીતાબેન ડાકા, કારોબારી ચેરમેન સંજયભાઈ ચૌધરી સહીત કોંગ્રેસ ભાજપના સભ્યો હાજર રહ્યા હતા.

પાલનપુરમાં મચ્છરજન્ય રોગચાળો અટકાવવા આરોગ્ય વિભાગ અને નગરપાલિકા એકશન મોડમાં...

પાલનપુર શહેરમાં ડેન્ગ્યુ સહિત મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે જિલ્લા આરોગ્ય

વિભાગ અને નગરપાલિકા દ્વારા સંયુકત કામગીરી હાથ ધરવામાં આવી છે. સોમવારે પાલનપુર શહેરના ૧૦ પૈકી ચાર સ્થળોએ મચ્છરના પોરા મળી આવતાં રૂપિયા ૧૮,૦૦૦ નો દંડ કરવામાં આવ્યો હતો. મંગળવારે પણ આરોગ્ય વિભાગ અને નગરપાલિકાની ટીમો દ્વારા એકશન મોડમાં કામગીરી વધુ રૂ. ૨૨,૩૦૦ નો દંડ કરવામાં આવ્યો છે. પાલનપુરમાં ડેન્ગ્યુ સહિત મચ્છરજન્ય રોગચાળો ન પ્રસરે તે માટે જિલ્લા આરોગ્ય વિભાગ અને નગરપાલિકા દ્વારા જાહેર સ્થળોની મુલાકાત લઈ પોરાનાશક કામગીરી કરવામાં આવી રહી છે. આ અંગે જિલ્લા એપેડેમિક ઓફિસર ડૉ. એન. કે. ગર્ગે જણાવ્યું હતુ કે, સોમવારની પોરાનાશક કામગીરી દરમ્યાન જે વિસ્તારમાં પોરા જણાઈ આવ્યા હતાં તેમને કુલ રૂપિયા ૧૮,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો. મંગળવારે પારપડા રોડ પર આવેલ અમૃતમ હોસ્પિટલને- ૫,૦૦૦ ભૂમિ દર્શન-૬૧૦૦, રાધે રેસીડેન્સી-૧૦૦૦, આશીર્વાદ રેસીડેન્સીને રૂ. ૫,૧૦૦ અને આબુરોડ પર આવેલ અક્ષર વાટીકા ૫,૧૦૦ મળી કુલ રૂપિયા ૨૨,૩૦૦ દંડ કરવામાં આવ્યો છે.

ગ્રાહકોને શું ન ખાવું જોઈએ એ અંગે સાવધ કરવા જોઈએ

ભારતમાં ગ્રાહકોનો મોટો વર્ગ શહેરી અને ગ્રામીણ ગરીબોનો, જેમનામાં સાક્ષરતાનું પ્રમાણ નીચું : ઐયર

અમદાવાદ, તા.૧૧

ગ્રાહકોને તેમણે શું ખાવું જોઈએ તે માટે પ્રોત્સાહિત કરવાને બદલે તેમણે શું ના ખાવું જોઈએ તે વિશે સાવધ કરવા જોઈએ. ચેતવણીના ચિહ્નોથી નિરક્ષર લોકોને પણ સરળતાથી બિનઆરોગ્યપ્રદ આહાર અંગે સાવધ કરી શકાશે, એમ સીઈઆરસીના એડવોકસી ઓફિસર અનુષા ઐયરે પ્રી-સમિટ સત્રમાં જણાવ્યું હતું. ઐયરે વધુમાં જણાવ્યું હતું કે ભારતમાં ગ્રાહકોનો મોટો વર્ગ શહેરી અને ગ્રામીણ ગરીબોનો છે, જેમનામાં સાક્ષરતાનું પ્રમાણ ઘણું નીચું છે. તેમની સુખાકારી, આરોગ્ય અને સુરક્ષા ભારતીય નીતિના આયોજનનું મુખ્ય લક્ષ્ય હોવું જોઈએ. કંપનીઓ અને જાહેરાતોમાં મુખ્યત્વે આરોગ્યપ્રદ આહારને બદલે જીવનશૈલી આધારિત આહારને પ્રોત્સાહન અપાય છે.

દક્ષિણ એશિયામાં આહાર પ્રણાલી પર તાત્કાલિક નિર્ણાયક પગલાં લેવાની જરૂર છે. કોવિડ-૧૯ની મહામારીએ આહાર સંરક્ષણ અને કુપોષણ સામે લેવાઈ રહેલા વિકાસાત્મક કાર્યોની ઝડપ અવરોધી છે. ૨૦૨૧ યુનાઈટેડ નેશન્સ ફૂડ સિસ્ટમ્સ સમિટ નીતિના હિમાયતોનું વૈશ્વિક આહાર પદ્ધતિમાં બદલાવ અંગે નિર્ણાયક પગલાં લેવા માટે સરકારોને અપીલ કરતું મંચ છે.

આ પ્રસંગે કન્ઝ્યૂમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર (સીઈઆરસી) સહિતના ભારત અને બાંગ્લાદેશના ગ્રાહક સંગઠનો તથા યુકેના કન્ઝ્યૂમર ઈન્ટરનેશનલે ભેગા મળી આરોગ્યપ્રદ અને સાતત્યપૂર્ણ આહારને પ્રોત્સાહન આપવા માટે તેમના દ્વારા બંને દેશોની સરકારને કરાનારા નીતિગત સૂચનો અંગે ચર્ચા કરી હતી. ગ્રાહક સંગઠનો દ્વારા કરાયેલી વિગતવાર ચર્ચા અને સૂચનોનું સંકલન કરાયું હતું અને એક ટૂંકો અહેવાલ તથા કાર્યવાહી માટેનું નિવેદન તૈયાર કરાયું હતું જેનો હેતુ બંને સરકારો દ્વારા અર્થપૂર્ણ બદલાવ માટે પ્રતિબદ્ધતા સુનિશ્ચિત કરાય તેવો હતો. યુએન ફૂડ સિસ્ટમ પ્રી-સમિટ સંલગ્ન સત્ર 'કન્ઝ્યૂમર વોઈસીસ ઓન ધ ફ્યુચર ઓફ ફૂડલ્ર દરમિયાન નિવેદન તથા અહેવાલને લોન્ચ કરાયો હતો.

અગ્રણી ગ્રાહક સંગઠનો જેમ કે ભારતમાંથી સીટિઝન કન્ઝ્યૂમર એન્ડ સિવિક એક્શન ગ્રૂપ (સીએજી), કન્ઝ્યૂમર યુનિટી એન્ડ ટ્રસ્ટ સોસાયટી (સીયુટીએસ), કન્ઝ્યૂમર વોઈસ તથા મુંબઈ ગ્રાહક પંચાયત(એમજીપી) ઉપરાંત કન્ઝ્યૂમર એસોસિયેશન ઓફ બાંગ્લાદેશે પ્રી-સમિટ બેઠકોમાં ભાગ લઈ પોતાના સૂચનો રજૂ કર્યાં હતાં. કન્ઝ્યૂમર ઈન્ટરનેશનલમાં વિશ્વના ૧૦૦થી વધુ દેશોના ૨૦૦થી વધુ ગ્રાહક જૂથો સભ્યપદ ધરાવે છે. યુએન ફૂડ સિસ્ટમ સમિટ સપ્ટેમ્બર, ૨૦૨૧માં યોજાશે.

બેંકમાંથી ખોટી રીતે ઉપડેલા પૈસા પરત આપવાનો આદેશ

ગ્રાહક સુરક્ષા કોર્ટે બેન્કને રિફંડ આપવાનો આદેશ કર્યો : આઈસીઆઈસીઆઈ બેન્કના એક ગ્રાહકે પોતાના અકાઉન્ટમાંથી ૧૩૫નો અકાઉન્ટ પે ચેક ઈશ્યૂ કર્યો હતો

અમદાવાદ,તા.૧૧

આઈસીઆઈસીઆઈ બેક્ના એક ગ્રાહકે પોતાના અકાઉન્ટમાંથી ૧૩૫ રૂપિયાનો અકાઉન્ટ પે ચેક ઈશ્યૂ કર્યો હતો. જે બાદ તેના ખાતામાંથી ૪.૮ લાખ રૂપિયા ઉપડી ગયા હતા. કન્ઝ્યૂમર કોર્ટે ગ્રાહકને ૪.૮ લાખ રૂપિયા રિફંડ આપવાનો આદેશ બેક્ને કર્યો છે. જોકે, બેકે દાવો કર્યો હતો કે, આ ફ્રોડ થર્ડ પાર્ટી દ્વારા કરવામાં આવ્યો છે માટે તે રકમ પરત આપવા બંધાયેલી નથી. કેસની વિગતે વાત કરીએ તો, શાહીબાગમાં રહેતા ઉદય પંડ્યા કેનેડા જવા માગતા હતા. જેથી એપ્રિલ ૨૦૦૮માં તેમણે વીએફસી કેનેડાના નામે ૧૩૫ રૂપિયાનો અકાઉન્ટ પે કરેલો ચેક આપ્યો હતો. ઉદય પંડ્યાના આઈસીઆઈસીઆઈ બેક્ના ખાતામાં ૫.૦૮ લાખ રૂપિયા હતા. પરંતુ બાદમાં તેમને ખબર પડી કે, ખાતામાંથી ૪.૮ લાખ રૂપિયા ઉપાડી લેવાયા છે. પૂછપરછ કરતાં બેકે ઉદય પંડ્યાને ૪.૮ લાખ રૂપિયાનો બેરર ચેક બતાવ્યો જેમાં 'પે'ના ખાનામાં સેલ્ફ લખેલું હતું. ઉદય પંડ્યાએ ચેકની સાતત્યતા પર પ્રશ્ન ઉઠાવ્યો અને દાવો કર્યો કે તેમણે આ બેરર ચેક આપ્યો નહોતો. ત્યારબાદ તેમણે પોલીસ ફરિયાદ કરી હતી પરંતુ કેસ થોડા દિવસોમાં બંધ થઈ ગયો હતો.

જોકે, એફએસએલ રિપોર્ટમાં ખુલાસો થયો કે, ચેક ફરી લખવામાં આવ્યો હતો. જે બાદ ઉદય પંડ્યાએ આગ્રહપૂર્વક કહ્યું કે, તેમને રકમ પાછી મળવી જોઈએ કારણકે બેંકના અધિકારીઓએ ચેકની ખરાઈ કર્યા વિના જ તેને પાસ કરી દીધો હતો. ઉદયે અમદાવાદ (ગ્રામ્ય)ના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં બેક સામે કેસ કર્યો હતો પરંતુ ઈચ્છનીય પરિણામ ના મળ્યું. ત્યારબાદ ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ફરિયાદ કરી, જ્યાં ઉદય પંડ્યાના વકીલે દલીલ કરી કે, ૫૦,૦૦૦ રૂપિયાથી વધુની રકમનો ચેક હોય તો પેમેન્ટ કરતાં પહેલા અલ્ટ્રાવાયોલેટ રે મશીનમાં તેની ચકાસણી કરવામાં આવે છે. નિયમો મુજબની તકેદારી બેક દ્વારા રાખવામાં આવી નહીં. ઉદયે આરોપ મૂક્યો કે બેકે ચેક ક્લિયર કરવામાં બેદરકારી દાખવી છે.

અરવલ્લી : આમ આદમી પાર્ટીના જન સંવેદના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા

આપની સરકાર બનશે તો ૫૦ હજાર કોરોના મૃત્યુ સહાય

ગુજરાતમાં આમ આદમી પાર્ટી તરફી એક જુવાળ જોવા મળ્યો છે જેમાં યુવાનો, સામાજિક કાર્યકરો તેમજ બિનરાજકીય યુવાનો પણ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે આમ આદમી પાર્ટીની જન સંવેદના યાત્રા મોડાસા શહેરમાં પહોંચી હતી આપના ગોપાલ ઈટાલીયા,

ઈસુદાન ગઢવી, સહીત અગ્રણીઓએ સભા સંબોધી હતી જેમાં મોટી સંખ્યામાં યુવાનો ઉમટ્યા હતા આમ આદમી પાર્ટી તરફ યુવા વર્ગનો જોક વધુ હોવાથી આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપ કોંગ્રેસ માટે મુશ્કેલી સર્જી શકે છે જન સંવેદના યાત્રા અંતર્ગત કોરોના મહામારીમાં જીવ ગુમાવનાર ને શ્રદ્ધાંજલિ આપી હતી અને આગામી વિધાન સભાની ચૂંટણીમાં આપની સરકાર બનશે તો કોરોનામાં મૃત્યુ પામેલ લોકોના સ્વજનોને ૫૦ હજાર મૃત્યુ સહાય ચુકવવામાં આવશેની જાહેરાત કરી હતી જીલ્લામાં આપ પાર્ટી જન સંવેદના કાર્યક્રમ હેઠળ સંગઠન મજબૂત કરવા માટે ગ્રામ્ય વિસ્તારોને ખૂંદી રહી છે

મોડાસાના સાકરીયા નજીક આવેલી એક હોટલમાં આમ આદમી પાર્ટીનો જન સંવેદના કાર્યક્રમ અંતર્ગત આપ પાર્ટીના નેતાઓએ સભા સંબોધી હતી જેમાં મોટી સંખ્યામાં યુવાનો ઉમટ્યા હતા આપ પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયાએ ગુજરાતમાં કોરોનાનો મૃત્યુ આંક અનેક ગણો હોવાનું જણાવ્યું હતું ગુજરાતમાં પરિવર્તનની લહેર ચાલી રહી છે અત્યાર સુધી ભાજપ અને કોંગ્રેસને મત આપ્યા પછી સુવિધાના નામે કઈ નથી શિક્ષણમાં અન્યાય થાય છે સરકારી દવાખાનાઓ અને રોડ રસ્તાઓના ઠેકાણા નથી રોજગારી થી ગુજરાતીઓ વંચિત સહીત અનેક આક્ષેપ કર્યો હતો.

નબળી વસુલાત ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મ્યુનિ. કમિશનર દ્વારા સમીક્ષા બેઠક જે શાખાધિકારીઓની યોજવામાં આવે છે તેમાં આ મુદ્દો સારો એવો ચર્ચાયો હોવાનું જાણવા મળેલ છે. કમિશનરે વેરા વસુલીને સઘન બનાવવા પર ભાર મુક્યો હતો. મિલ્કતવેરા ઉપરાંત પ્રોફેશનલ ટેક્ષ તેમજ અન્ય વેરાઓની આવક વૃદ્ધિ પર તેમણે વધુ ધ્યાન કેન્દ્રીત કરવા જણાવ્યુ હતુ.

જે બાકીદારો છે તેમની યાદી તૈયાર કરી અને આગળની કાર્યવાહી પણ ઝડપથી કરવા માટેની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ઈજનેરી શાખાના કામો પણ ઝડપથી પૂર્ણ થાય તે માટે તેમણે કડક તાકીદ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે કામો પ્રગતિ હેઠળ હોઈ શકે પણ ધીમી પ્રગતિ એ સારી નિશાની નથી. સમય મર્યાદામાં કામ પૂર્ણ થવા જોઈએ જેથી થયેલા કામોથી થનારી સુવિધાનો લાભ જનતાને ઝડપથી પ્રાપ્ત થાય. અધકચરા કામોમાં તંત્ર અટવાયેલુ રહે તેમ નહિ પણ સમય મર્યાદામાં ગુણવત્તાની જાળવણી સાથે કામ થાય તે અત્યંત જરૂરી છે.

આ બેઠકમાં તેમણે શાખાધિકારીઓનો કડક રિવ્યુ લીધો હોવાથી મનપાની વહીવટીય પાંખમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

ઓબીસી બિલ ● અનુસંધાન પહેલાનું ચાલુ

અનુભવી રહ્યા છો? બિહારના મુખ્યમંત્રી અને ઓડિશાના મુખ્યમંત્રી પણ તેની તરફેણમાં છે. ગઈ કાલે તમારા એક સાંસદે પણ આના સમર્થનમાં વાત કરી હતી. તો પછી સરકાર ચૂપ કેમ છે? શા માટે સરકારે હજુ સુધી સ્પષ્ટતા કરી નથી. જો તમે ન ઈચ્છતા હોવ તો પણ કહો. ચર્ચામાં ભાગ લેતા શિવસેનાના સભ્ય સંજય રાઉતે તેને ઐતિહાસિક અને ક્રાંતિકારી બિલ ગણાવ્યું અને કહ્યું કે તેનાથી રાજ્યોને વધુ સત્તા મળશે અને તેઓ અનામત આપવા માટે તેમની યાદી તૈયાર કરી શકશે. બિલની પ્રશંસા કરતા પૂર્વ વડાપ્રધાન અને ભાજપના નેતા એચડી દેવગૌડાએ કહ્યું કે, છેલ્લા સત્રમાં વડાપ્રધાને આર્થિક રીતે નબળા લોકો માટે અનામતની વ્યવસ્થા કરી હતી. સરકારે મહિલા અનામત અંગે પણ વિચારવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી વિરેન્દ્ર કુમારે ઉપલા ગૃહમાં ચર્ચા અને પસાર કરવા માટે બિલ રજૂ કર્યું હતું. તેમણે આ મહત્વના ખરડા પર ચર્ચા કરવા માટે સંમત થવા બદલ વડાપ્રધાન અને વિવિધ રાજકીય પક્ષોના સભ્યોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે આ બિલ સાથે ૬૭૧ સમુદાયો કે જે દેશભરમાં કુલ ઓબીસી વસ્તીના ૨૦ ટકા જેટલો હિસ્સો ધરાવે છે તેમને મદદરૂપ બનશે.

મિક્સીંગની મંજૂરી ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સ્ટડીના આધાર પર આઈસીએમઆરે કહ્યું કે, કોવેક્સિન અને કોવિશીલ્ડને મિક્સ કરવાથી સારા પરિણામ જોવા મળ્યા છે અને તેનાથી કોવિડ ૧૯ વિરુદ્ધ સારી ઈમ્યુનિટી પણ બની છે. આ સ્ટડી મે અને જૂનની વચ્ચે યૂપીના લાભાર્થીઓ પર કરવામાં આવ્યા છે.

નાયડૂ વ્યથિત ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિભિન્ન મુદ્દાઓ પર વિપક્ષના સાસંદો તરફથી હોબાળો કરવાનો સંદર્ભ આપીને સભાપતિએ જણાવ્યું કે, સંસદની પરંપરાઓને તોડવાની જાણે હરિફાઈ લાગી છે. ગઈકાલે જે અપ્રિય ઘટના બની, તે સમયે સંસદમાં કૃષિ ક્ષેત્રની સમસ્યાઓ અને તેમના સમાધાન પર ચર્ચા થઈ રહી હતી, જે એક મહત્વનો વિષય છે. સભાપતિ પોતાની વાત કહી રહ્યા હતા ત્યારે વિપક્ષી સભ્યોએ પોતાના મુદ્દા પર ચર્ચાની માંગને કારણે હોબાળો શરુ કર્યો હતો. હોબાળાને કારણે સભાપતિએ બેઠક શરુ થઈ તેની પાંચ મિનિટ પછી જ કાર્યવાહી બપોરના બાર વાગ્યા સુધી સ્થગિત કરી દીધી.